**મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**
**રેફરન્સ (LCA) નં.૨૩/૨૦૨૧**

**આંક–૧૨**

**પ્રથમ પક્ષકારઃ–** **ઓમની લેન્સ પ્રા.લી.,**
પ્લોટ નં.૭૦, જી.આઈ.ડી.સી.,
સેકટર, ગાંધીનગર.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર::–** **સંજયભાઈ રતીલાલ પરમાર.**
ઘર નં.૨૩૪, અડોવૈયાનુ ડહેલુ, પોલીસ ચોકીની સામે,
ઘી કાંટા રોડ, અમદાવાદ.
C/o **જનતા મજદૂર પરિષદ,**
૬૨, કલ્યાણનગર, દરગાહ પાસે, હીરાવાડી સામે,
સૈજપુર–બોઘા, નરોડા રોડ, અમદાવાદ.

હાજર રહ્યાઃ પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એસ.જી. પંચાસરા
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી આર.બી. ડાભી

**––:: એ વો ર્ડ ::––**

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં 'સગવડતા' અને 'સરળતા' ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **'સામાવાળા'** અને **'અરજદાર'** તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા મદદનીશ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદનાં હુકમ ક્રમાંકઃ કેએચ–એસએચએમસી/આર/આઈડીઆર નં.૨૧૬/૨૦૨૦ પત્ર ક્રમાંક–૩૮૧ તા.૦૫–૦૧–૨૦૨૧ ના પત્રથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**શ્રી સંજયભાઈ રતીલાલ પરમાર,** ઘર નં.૨૩૪, અડોવૈયાનુ ડહેલુ, પોલીસ ચોકીની સામે, ઘી કાંટા રોડ, અમદાવાદને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૩) ઉપરોક્ત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ કરી માંગણાનું નિવેદન રજુ થયેલ છે સદર રેફરન્સ અરજદારનાં પુરાવા માટે પેન્ડીંગ હોઈ ત્યારે અરજદાર તથા તેમનાં પ્રતિનિધિ અને સામાવાળાનાં વિ.વ.શ્રીએ

નામદાર કોર્ટ રૂબરૂ હાજર થઈ આંક–૧૧ થી સમાધાનની શરતો સાથેનું રૂા.૨૦,૦૦૦/– માં ફુલ એન્ડ ફાયનલ થયેલ હોવાનો સમાધાનનો લેખ રજુ કરેલ છે. જેમાં અરજદાર અને સામાવાળાનાં પ્રતિનિધિશ્રી/વકીલશ્રીની સહીથી તેઓની રૂબરૂમાં થયેલ સમાધાન રજુ થયેલ છે. એ રીતે અરજદાર સમાધાનની શરતો તથા લખાણ કબુલ કરતા હોઈ આ સમાધાન રેકોર્ડેડ કરવામાં આવેલ છે. આમ, હાલનાં કેસમાં આંક–૧૧ થી શરતો સાથેનું સમાધાન રજુ થયેલ હોઈ, તેથી હાલનો રેફરન્સ કેસ આંક–૧૧ નાં સમાધાન અનુસંધાને લોક અદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખ:૧૧–૦૨–૨૦૨૩**
**સ્થળ: અમદાવાદ.**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE** : **GJ**01031
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**